## ડીસામાં લોધા સમાજની વિરાંગનાને શ્રધ્ધાસુમન પાઠવાયા



લોધા સમાજમાં અનેક વીર અને વીરાંગનાઓ થઈ ગયા જેમાં સમાજના વીર સપૂતો અને વીરાંગનાઓએ પોતાના સમાજ અને દેશ કાજે પ્રાણની આહુતિ આપીને અમર શહીદ થઈ ગયા છે. જેમાં લોધી સમાજની વીરાંગના એવા મહારાણી અવંતીબાઈ લોધીએ લોધી સમાજના કલ્યાણ માટે બલિદાન આપ્યું હતું ત્યારે આજે મહારાણી અવંતીબાઈ લોધીના બલિદાન દિવસ નિમિત્તે ઠેર ઠેર શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે ત્યારે ડીસા શહેરમાં વસતા અને મૂળ ઉત્તર પ્રદેશના વતની એવા સકલપંચ લોધા સમાજ દ્વારા આજે રાજપુર લોધા વાસમાં આવેલ હરી હર મહાદેવના મંદિરે વીરાંગના એવા મહારાણી અવંતીબાઈ લોધીના બલિદાન દિવસ નિમિત્તે તેમની તસવીર પર પુષ્પાંજલિ અર્પણ કરી ફુલહાર અર્પણ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી જેમાં હારમાળા પહેરાવી રેલી કાઢી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી

# ધનસુરા તાલુકાની દેવીપૂજક વર્ગ પ્રા.શાળામાં નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામકની મુલાકાત

**ગાંધીનગરથી તપાસ માટે ટીમો આવતાં દોડધામ મચી : ૩૨ બાળકો વિકટ પરિસ્થિતિમાં ભણતા હોવાનું જાણી ચોંક્યા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

ધનસુરા તાલુકાના જાલમપુરા ગામ નજીક દેવીપૂજક પેટાવર્ગ પ્રાથમિક શાળા બંધ કરવાની થઈ રહેલી પેરવી સામે વિરોધ થયા પછી ઉચ્ચ કક્ષાએ રજૂઆત થતાં નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા ગત રોજ આ શાળાની મુલાકાત લેવામાં આવી હતી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સહિત ગાંધીનગરથી આવેલી ટીમોએ શાળામાં જાત મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવાનો પ્રયાસ કરતાં દોડધામ મચી હતી. તપાસનીશ ટીમના નિરીક્ષામાં ગરીબ પરિવારના ૩૨ બાળકો અત્યંત વિકટ પરિસ્થિતિમાં શિક્ષણ મેળવતા હોવાનું જોઈ ચોંકી ઉઠ્યા હતા. શાળાને કાયમી ધોરણે બંધ કરાવાના કારસ્તાનમાં મેલી મુરાદ આ સાથે ઉજાગર થઈ છે જેથી તપાસનીશ ટીમોએ સદર શાળા કોઈપણ ભોગે બંધ ન થવી જોઈએ તેવો મત વ્યક્ત કર્યાનું જાણવા મળ્યું છે.





તાલુકાના અંતરીયાળ નાંણા-જાલમપુરા વિસ્તારના ગરીબ પરિવારોના બાળકોને ઘરઆંગણે પાયાનું શિક્ષણ મળી રહે તે માટે દેવીપૂજક વર્ગશાળા શરુ કરવામાં આવી હતી. છેલ્લા ૨ વર્ષથી ગરીબ પરિવારના બાળકો ખુલ્લામાં બેસીને અભ્યાસ કરતાં હતાં પરંતુ પ્રાથમિક શિક્ષણ સમિતિના એક અધિકારીના ઈશારે સદર શાળામાં શિક્ષણની ભૌતિક સુવિધામાં વધારો થાય તેવા પ્રયાસ કરવાને બદલે દેવીપૂજક વર્ગ શાળા બંધ કરવાની હિલચાલ કરવામાં આવતાં તેનો વિરોધ ઉભો થયો હતો. કોઈપણ ભોગે ઘરઆંગણાનું શિકાર ન છીનવાય અને ગરીબ બાળકોને આજ શાળામાં શિક્ષણ મળી રહે તેવા પ્રયાસો સાથે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આવી હતી. જે તે સમયે જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા વહીવટી તેમજ શૈક્ષણિક પ્રશ્નોને આગળ ધરી દેવીપૂજક વિસ્તારની પેટાવર્ગ શાળા બંધ કરવા માટે જોર લગાવામાં આવ્યું હતું પરંતુ ગરીબ બાળકોના હિત અને હક્ક માટે લડત ચલાવામાં આવતાં તાજેતરમાં ગાંધીનગરથી તપાસ માટે ટીમો શાળામાં આવી પહોંચી હતી જેમાં નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.કે.રાવલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શૈલેષભાઈ પટેલ, બી.આર.સી. મનિષભાઈ પટેલ તેમજ જિલ્લા પંચાયત સદસ્યા કાળીબેન રબારી સહિત અન્ય અધિકારીઓએ જાત મુલાકાત લઈ વિદ્યાર્થીઓના વાલીઓ સાથે રુબરુ સંપર્ક કરી જાત માહિતી મેળવી હતી. તપાસનીશ ટીમોની મુલાકાત દરમ્યાન દેવીપૂજક વર્ગ શાળાના બાળકો મુશ્કેલ ભરી સ્થિતિમાં શાળામાં ભણતર મેળવતા હોવાનું ધ્યાનમાં આવતાં એક તબક્કે ઉચ્ચ અધિકારીઓ પણ હચમચી ગયા હતા. કોઈપણ ભોગે આ શાળા બંધ ન થવી જોઈએ અને બાળકો સારી રીતે અભ્યાસ કરી શકે તેવા પ્રયાસ કરવામાં આવશે તેવી આ વિસ્તારના વાલીઓને સાંત્વના હાલ આપવામાં આવી છે. ઓચિંતિ ગાંધીનગરથી દેવીપૂજક વર્ગ શાળામાં ટીમાં આવી પહોંચતાં શિક્ષણ વિભાગમાં હલચલ મચી હતી. ૩૨ બાળકોના ભાવિનો સવાલ હોવાથી તપાસનીશ ટીમો જાત મુલાકાત પછી શું નિર્ણય લે છે તેના ઉપર સૌ કોઈની મીટ મંડાઈ છે.

### શાળાની મુલાકાત લઈ નાયબ શિક્ષણ નિયામકનું હદય દ્રવિ ઉઠયું

ધનસુરાની દેવીપૂજક પ્રા.શાળાને કાયમી ધોરણે બંધ કરવાની થઈ રહેલી પેરવી સામે ઉચ્ચ કક્ષાએ થયેલ રજૂઆત પછી ગત રોજ નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.કે.રાવલે અધિકારીઓ સાથે શાળાની મુલાકાત લીધી જેમાં શાળા સુધી જવાના રસ્તા ઉપરાંત અભ્યાસ કરતા બાળકો માટે યોગ્ય ભૌતિક સુવિધાઓનો પણ સદંતર અભાવ જોતાં એક તબક્કે ખુદ નાયબ શિક્ષાણ નિયામકનું હૃદય શિક્ષણ લેતા બાળકો પ્રત્યે દ્રવિ ઉઠયું હતું.

### બાળકોને અન્યાય ન થવો જોઈએ તેવો અંગત મત વ્યક્ત કર્યો

ધનસુરા તાલુકાની દેવીપૂજક વર્ગ પ્રા.શાળાની ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લેતાં શિક્ષણ વિભાગમાં હલચલ મચી હતી. કિન્નાખોરી રાખી શાળાને કાયમી ધોરણે બંધ કરવાના કારસ્તાન સામે અધિકારીઓએ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓની મુલાકાત લીધા પછી સાચી હકીકત જાણી હતી જેમાં બાળકોને કોઈપણ પ્રકારનો અન્યાય ન જ થવો જોઈએ તેવો અંગત મત વ્યક્ત કર્યાનું જાણવા મળ્યું

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આગ આંકતી ગરમીમાં રોગચાળાનો પ્રકોપ

**ન્યુમોનિયા અને ટાઈફોઈડના કેસોએ ચિંતા ઉપજાવી**

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આગ આંકતી ગરમીનો કહેર પ્રજા ઉપર વરસી રહ્યો છે ત્યારે હવે રોગચાળાનો પ્રકોપ પણ શરૂ થયો હોય તેમ ન્યુમોનિયા અને ટાઈફોઈડના કેસો બહાર આવી રહ્યા છે. જિલ્લામાં ગરમીનો પારો ઉંચકાવાની સાથે ખાનગી અને સરકારી દવાખાનાઓમાં દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતો હોવાથી ગરમી જનઆરોગ્ય માટે આત્મઘાતી સાબિત થશે તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો ૪૨ થી ૪૩ ડીગ્રી આસપાસ રહેતો હોવાથી સવાર પડતાં જ તિવ્ર ગરમીનો અનુભવ થતો હોય છે. જિલ્લામાં ગરમીનો પારો ઉંચકાવાની સાથે પ્રજાના આરોગ્ય ઉપર તેની વિપરીત અસરો દેખાવાની શરૂઆત થઈ હોય તેમ શરૂઆતથી જ ન્યુમોનિયા અને ટાઈફોઈડના કેસો બહાર આવી રહ્યા છે. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પ્રકોપ આંખો માટે પણ નુકસાનકારક સાબિત થતો હોય તેમ આંખોના દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં તિવ્ર ગરમી આરોગ્ય માટે જોખમી બની હોય તેમ તાવ, માથુ, શરદી, ઉધરસ સહિત શરીરમાં કળતરની ફરિયાદો પ્રજામાં વધવા પામી છે. જ્યારે નાના બાળકો પણ વાયરલ બિમારીમાં સપડાતાં ખાનગી અને સરકારી દવાખાનાઓમાં દર્દીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. ટૂંકમાં અસહ્ય ગરમીના માહોલમાં રોગચાળાનો પ્રકોપ શરૂ થતાં પ્રજા જાયે તો જાયે કહાં જેવી સ્થિતિમાં મૂકાઈ ગઈ છે.

## ધનસુરા ના દેવિયા મહાદેવ મંદિરે મહા લઘુરૂદ્ર મહોત્સવ યોજાયો હતો



ધનસુરા ના દેવિયા મહાદેવ મંદિરે મહા લઘુરૂદ્ર મહોત્સવ યોજાયો હતો સાથે મહાપ્રસાદ નું પણ આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે લોકો એ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વેદમંત્રો ના ઉચ્ચારણા ના શ્રવણ અને દર્શનનો લાભ લીધો હતો આ પ્રસંગે રામજી મંદિરના મહંત પ.પૂ.મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજ, પરમ પૂજ્ય પરમેશ્વરી દીદી સધી માતા ધનસુરા, મહંત શ્રી હરિરામદાસજી મહારાજ સધી માતા ધનસુરા, જયદેવગીરી મહારાજ વિશ્વકર્મા મંદિર ધનસુરા ઉપસ્થિત રહ્યા હતા તો સ્વ. દેવેન્દ્રગીરી શંકરગીરી ગોસ્વામી પુજારી દેવીયા મહાદેવ મંદિર ધનસુરા ના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા.જેમાં યજ્ઞાચાર્યશ્રી ગીરીશકુમાર પ્રવિણચંદ્ર ગોર અને ઉપાચાર્યશ્રી મહેશભાઈ ઉમિયાશંકર દવે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે લઘુરૂદ્રના મુખ્ય યજમાન અને લઘુરૂદ્રના સહ યજમાન ઉપસ્થિત રહ્યા હતા અને ગામ લોકો તેમજ આજુબાજુ ના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહા લઘુરૂદ્ર મહોત્સવ અને મહા પ્રસાદ નો લાભ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમ માં નટુભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, કૃષ્ણકાંતભાઈ ગોર, મનસુખભાઈ ભગત, વસંતભાઈ ચૌહાણ, શશીકાંતભાઈ પાંડે, દીપકભાઈ ગજ્જર, મહેશભાઈ પટેલ, પ્રવીણભાઈ,સુરેશભાઈ પટેલ સહિત અન્ય લોકો જે મંદિર ના જીણોદ્ધાર માં મહા લઘુરૂદ્ર મહોત્સવ માં અને મહા પ્રસાદ માં સહભાગી થયા છે આ તમામ લોકો સહિત ગામલોકો અને દાતાઓના સહયોગથી આ કાર્યક્રમ યોજાયો હતો. દેવિયા મહાદેવ મંદિર જીર્ણોદ્ધાર સમિતિ ધનસુરા અને સમસ્ત ગામ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આગ આંકતી ગરમીથી તરબૂચ-કેરી જ્યુસની માંગમાં વધારો

**વેપારીઓને કમાણીનો તડાકો પડ્યો**

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આગ આંકતી ગરમીનું મોજૂ ફરી વળતાં ગરમી સામે રક્ષણ મેળવવા માટે લોકો અનેક નુસ્ખા અજમાવી રહ્યા છે. ખાસ કરીને ગરમીમાં તરબૂચ અને કેરીનો જ્યુસ શરીરને ભારે ઠંડક પહોંચાડતા હોવાથી હાલ તરબૂચ અને કેરી જ્યુસની બોલબાલા વધી ગઈ છે. જિલ્લામાં સવાર પડતાં જ વાતાવરણ આગ પકડી લેતું હોવાથી ઠંડાં પીણાં, કેરી રસ અને તરબૂચની હાટડીઓ ધમધમવા માંડે છે. જિલ્લામાં ઉનાળાની શરૂઆતથી જ તાપમાનનો પારો ૪૨ ડીગ્રી સુધી પહોંચી ગયો છે. શરૂઆતથી જ ઉનાળાએ આક્રમક રૂપ ધારણ કરતાં પ્રજા ગરમીથી તોબાહ પોકારી ઉઠી છે અને ગરમીથી બચવાના પ્રયાસો શોધતી જોવા મળી રહી છે. જિલ્લામાં આગ આંકતી ગરમીના માહોલમાં સીઝનેબલ ધંધો કરનારા વેપારીઓને પણ કમાણીનો તડાકો પડ્યો છે. જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાતાં જ પરપ્રાંતિયો દ્વારા તૈયાર કરાયેલી ઠંડા પીણાં, કેરી રસ અને તરબૂચની હાટડીઓ ધમધમવા લાગી છે. જિલ્લામાં ઉનાળાના આરંભ સાથે જ તરબૂચનો વપરાશ વધતાં જ્યાં નજર કરો ત્યાં હંગામી મંડપો ઉભા કરી તરબૂચનું વેચાણ મોટા પાયે શરૂ થયું છે આ સાથે કેરી જ્યુશની હાટડીઓ પણ ધમધમવા માંડી છે. જિલ્લામાં સવારથી જ આગ આંકતી ગરમી અનુભવાય છે અને રાત્રે પણ ગરમી અનુભવાતાં જિલ્લામાં કેરી રસ તથા તરબૂચની હાટડીઓ ઉપર માંડી રાત સુધી ઘરાકી જોવા મળતી હોય છે.

## વરથું ગામે ખેતરમાં જીવંત વીજવાયર પડતા ૫ વીઘામાં ઘઉંનો પાક બળીને ખાખ

**ખેડૂતોના મોમાં આવેલ કોળિયો છીનવાયો**

મોડાસા, તા. ૨૧

રવિ સિઝનનો મુખ્ય પાક ઘઉંની લણણીની શરૂઆત થઈ ગયી છે ત્યારે ખેતરો લહેરાતા ઘઉંના પાક પર ખેતરોમાંથી પસાર થતા વીજ વાયરો માં સ્પાર્ક થતા બળી ને ખાખ થઈ જવાની ઘટનાઓ ઠેર ઠેર બનતા ખેડૂતોમાં વીજતંત્રની લાલીયાવાડી સામે ભારે આક્રોશ ફેલાયો છે મોડાસા તાલુકાના વરથુ ગામની સીમમાં ખેતરોમાંથી પસાર થતી વીજલાઈનનો જીવંત વીજતાર પડતા સ્પાર્ક થતા ૫ વીઘા ખેતરમાં ઉભા ઘઉં બળીને ખાખ થઈ જતા ભારે અફડાતફડી મચી હતી ઘઉંના ખેતરમાં આગ લાગવાની ઘટનાને પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ભારે જહેમત પછી આગ પર કાબુ મેળવતા આગ અન્ય ખેતરોમાં પ્રસરતા અટકી હતી ખેડૂતે વીજતંત્રની લાપરવાહી થી આગ લાગી હોવાનું જણાવ્યું હતું



પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા તાલુકાના વરથુ ગામના રામાભાઈ કેશાભાઈ પટેલ,હિતેશ ભાઈ સદાભાઈ અને સુરેશભાઈ સદાભાઈ પટેલે તેમના ખેતરોમાં ઘઉંનું વાવેતર કર્યું હતું ચારેક મહિનાની ભારે જહેમત બાદ ખેતરમાં લહેરાતા ઘઉંનાના પાકમાં સોમવારે ખેતરમાંથી પસારથતા લચકાતા વીજવાયરો માંથી એક જીવંત વીજવાયર તૂટીને ખેતરમાં પડતા ૫ વીઘા જમીનમાં ઘઉંના પાક માં આગ લાગતા અને પવનના લીધે ભડભડ સળગવાની સાથે ત્રણેક ખેતરમાં આગ પ્રસરી ઘઉં બળી ને ખાખ થઈ ગયા હતા ઘટનાની જાણ ગામમાં થતા ખેતર માલિકો સહીત આજુબાજુમાંથી ગામ લોકો દોડી આવી કૂવાના પાણી ડોલો અને પાઈપ મારફતે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી વીજફોલ્ટના પગલે ખેડૂતના ઘઉં બળીને ખાખ થઈજાતા ખેડૂતના માથે આભ તૂટી પડ્યું હતું વીજતંત્રની બેદરકારીના પગલે ખેડૂતોને વેંચતા ઘઉં ખરીદવાનો વારો આવ્યો હતો વીજતંત્ર કે સરકાર દ્વારા આગ લાગવાથી ખેડૂતોને સહન કરવી પડતી નુકશાની ભરપાઈ કરવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ પ્રબળ બની છે.

## બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજના હોદ્દેદારોની વરણી કરાઈ

પાલનપુર તા. ૨૧

આજરોજ ડીસા તાલુકાના રાણપુર ગામે શ્રી નવીનભાઈ જોશીના ફાર્મ હાઉસ પર બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજ ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભાના અધ્યક્ષ સ્થાને ઉપપ્રમુખ શ્રી હરગોવિંદ શિરવાડિયા અતિથિ તરીકે ડીસાના ધારાસભ્ય શ્રી શશીકાંત પંડ્યા ,શાસ્ત્રી શ્રી કિશોર જી, બ્રહ્મ સમાજના વરિષ્ટ અગ્રણી શ્રી ગણપતભાઈ જોશી, પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હેતલબેન રાવલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી નવુકાકા એ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,





આગામી મુદત માટેના બનાસકાંઠા જિલ્લાના સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે શ્રી અરૂણભાઈ જોશી તેમજ મહામંત્રી તરીકે શ્રી અમિરામ ભાઈ જોશી ની વરણી કરવામાં આવી હતી. આ સભામાં શ્રી શશીકાંતભાઈ પંડ્યાએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે બ્રહ્મસમજના વિવિધ જ્ઞાતિ અને વાડાઓમાંથી બહાર આવી એક બનવાની તાતી જરૂરીયાત છે. શ્રી કિશોર શાસ્ત્રીએ બ્રાહ્મણત્વ વિશે પ્રેરક પ્રવચન આપ્યું હતું. આ સભામાં નવા વરાયેલા પ્રમુખ શ્રી અરૂણભાઈ જોશી એ જિલ્લાના પાટનગર પાલનપુર ખાતે બ્રહ્મભવન ના નિર્માણ માટે પ્રસ્તાવ મૂક્યો હતો. જેને કારોબારીએ સર્વાનુમતે વધાવી લીધો હતો. આ દિશામાં આગળ વધવા સરળ સંમતિ બતાવી હતી.

કાર્યક્રમ નું સંચાલન શ્રી જયંતીભાઈ જોશી તેમજ શ્રી મનોજભાઈ ઉપાધ્યાયે કર્યું હતુ . આ પ્રસંગે જિલ્લાની નગરપાલિકાઓ માં ચૂંટાયેલા બ્રાહ્મણ સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત સહકારી સંસ્થાઓમાં ચૂંટાયેલા બ્રાહ્મણ સમાજના અગ્રણીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

## ધાનેરાના કુંડી ગામે ખેતરમાં શોર્ટસરકીટના કારણે આગ લાગતાં ઘઉંનો પાક બળીને ખાક થતાં ખેડુતને બે લાખનું નુકસાન

ધાનેરા તા. ૨૧

રવિવારે બપોરે ધાનેરા તાલુકાના માંડલ કુંડી ગામમાં એક ખેડૂતના ખેતરમાં અચાનક આગ લાગતાં ઘઉનો ઉભો પાક અને મીની ફુવારાઓ બળીને ખાક થઈ જતાં ખેડુતના માથે આભ તુટી પડ્યું છે.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ધાનેરા તાલુકાના માંડલ કુંડી ગામના ખેડૂત મકવાણા નાનજીભાઈ છોગાજી ના ખેતરમાંથી વિધુત બોર્ડની હેવી લાઈન પસાર થાય છે એ લાઈનમાં ફોલ્ટ થતાં ખેતર માં ઉભેલ ઘઉના પાકમાં અચાનક શોર્ટસરકીટના કારણોસર આગ લાગતાં ખેડુતનો તમામ ઉભો પાક તેમજ મીની ફુવારાઓ બળીને ખાક થઈ ગયા હતા.



આગની ઘટનાની જાણ ગામ લોકોને થતાં ગામ લોકોએ ભેગા મળીને પાણીનો મારો કરીને મહા મહેનતે આગને ઓલવી હતી ત્યાર બાદ ધાનેરા વિધુત બોર્ડના અધિકારીઓને ઘટનાની જાણ કરતા આગના સ્થળે આવી આગ લાગવાની ઘટનાનુ નિરિક્ષણ કરી વધુ તપાસ હાથ ધરી હતી આગની ઘટના બાબતે ખેડુત નાનજીભાઈને પુછતા જણાવ્યું હતું કે અમે રાત-દિવસ સખ્ત મહેનત કરીને ઘઉના પાકનું વાવેતર કર્યું હતું આ વખતે અમને આશા હતી કે અમારે ઘઉનુ વાવેતર સારૂ થશે પરંતુ ધાનેરા વિધુત બોર્ડની અમારા ખેતરમાંથી પસાર થતી લાઈનના બોર્ડમાં અચાનક શોર્ટસરકીટ થતાં આગ લાગી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી આખા ખેતરમાં ઉભેલા ઘઉના પાકને તેમજ ફુવારાઓને આગની લપેટમાં લેતા અમારો તમામ ઘઉનો પાક અને મીની ફુવારાઓ બળીને ખાક થઈ ગયો છે આ આગ વિધુત બોર્ડની બેદરકારીના કારણે લાગી છે આગના લીધે અમારે રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે સરકારશ્રીને પણ અમારી વિનંતી છે કે અમને અંદાજે બે લાખ રૂપિયાનું નુકશાન વિધુત બોર્ડની બેદરકારીના કારણે થયેલ છે જેની ભરપાઈ વિધુત બોર્ડ પાસેથી કરાવવામાં આવે નહીં તો અમારા માટે જીવવું પણ કઠીન બની જશે તેવી હાલત થઈ ગઈ છે.

## હોળી-ધૂળેટી બાદ પોલીસ તંત્રમાં બદલીનો ગંજીપો ચીપાયો

**અરવલ્લી જિલ્લામાં ૭ પોલીસ અધિકારીઓની બદલી : દારૂ, જુગારની ધમધમતી નદી ઉપર અંકુશ આવશે..!!**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

અરવલ્લી જિલ્લામાં હોળી-ધૂળેટીના બંદોબસ્તમાં વ્યસ્ત પોલીસ તંત્રમાં હવે બદલીનો ગંજીપો ચીપાયો છે. જિલ્લા પોલીસ વડા દ્વારા કુલ-૭ પોલીસ અધિકારીઓની બદલીના આદેશ કરવામાં આવ્યા છે. જાહેર હીતમાં કરાયેલી બદલીના કારણે દારુ-જુગારની ધમધમતી નદી ઉપર અંકુશ લાગવાની સંભાવના છે.

।જિલ્લાના કેટલાક પોલીસ સ્ટેશનોમાં ફરજ ઉપરના અધિકારીઓ સામે કાયદો વ્યવસ્થા જાળવામાં નિષ્ફળ રહ્યાના આરોપ કાયમી થતા હોય છે જેના કારણે જાહેર હિતને ધ્યાનમાં રાખી પોલીસ અધિકારીઓની સમયાંતરે બદલી થતી હોય છે. અરવલ્લી જિલ્લાના મોડાસા ગ્રામ્ય, ધનસુરા, શામળાજી તેમજ સી.પી.આઈ. કચેરી અને એલ.સી.બી. શાખામાં ૭ પોલીસ અધિકારીઓની બદલી કરી ફરજની જગ્યા બદલવામાં આવી છે. બે દિવસ સુધી પોલીસ અધિકારીઓ હોળી-ધૂળેટીના બંદોબસ્તમાં વ્યસ્ત હતા અને ચિંતિ જિલ્લો પોલીસ વડા દ્વારા બદલી કરવામાં આવી છે. જેમાં પો.સ.ઈ. પી.ડી.રાઠોડને એલ.આઈ.બી. શાખાના ઈન્ચાર્જની ફરજ સોંપવામાં આવી છે. જયારે સુશ્રી ડી.ડી.રાઠોડપી.આઈ.ને સી.પી.આઈ.બાયડ તેમજ સુશ્રી એસ.એફ.પરમાર પો.સ.ઈ.ને બાયડ પોલીસ સ્ટેશનના વધારાના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

### જિલ્લામાં પોલીસ અધિકારીઓ બદલી

| નામ | હાલની ફરજનું સ્થળ | બદલી કરેલ જગ્યા |
|---|---|---|
| એમ.બી.તોમર | એલ.આઈ.બી. શાખા | સી.પી.આઈ. કચેરી-બાયડ |
| સી.એફ.રાઠોડ | લીવ રીઝર્વ | મોડાસા ગ્રામ્ય |
| એન.એમ.સોલંકી | કંટ્રોલ રુમ | સેકન્ડ પો.સ.ઈ., ધનસુરા |
| એમ.બી.ભગોરા | સેકન્ડ પો.સ.ઈ.,શામળાજી | સેકન્ડ પો.સ.ઈ. શાખા |
| કે.એન.મનાત | સેકન્ડ પો.સ.ઈ.,ધનસુરા | પેરોલ ફલ શાખા |
| એ.એ.પટેલીયા | સેકન્ડ પો.સ.ઈ.,ભિલોડા | સેકન્ડ પો.સ.ઈ.,શામળાજી |
| સુથી બી.વી.બલાત | લીવ રીઝર્વ | કંટ્રોલ રુમ |

## મેઘરજ તાલુકાના મોટી મોયડી ગામમાં વીજતાર ટકરાતા ખેડૂતના ઘઉંનો ઉભો પાક બળીને ભસ્મ

મેઘરજ તા. ૨૧



મેઘરજ તાલુકાના મોટીમોયડી ગામમાં પટેલ દિલીપભાઈ દોલજીભાઈ ના ખેતરમાં વચ્ચે થઈને વીજ લાઇન પસાર થયેલ હોવાથી વીજતાર ટકરાતા ઘઉંનો ઉભો પાક ગણતરીની સેકન્ડોમાં બળીને ખાખ થઈ ગયેલ હતો ઘઉંનો પાક લણવાની સિઝનમાં વીજ વિભાગ અને ઘોર બેદરકારીના કારણે ખેડૂતોને પારાવાર નુકસાન વેઠવાનો વારો આવેલ વારંવારની રજૂઆત છતાંબે થાંભલા વચ્ચે ના તારને ઢીલાશ વધતા પવનના કારણે તાર એકબીજા સાથે ટકરાતા તણખા પડવાથી ઘઉં નો ઉભો પાક બળીને ભસ્મ થઈ ગયેલ હતો જેની જાણ ઉત્તર ગુજરાત વીજ કંપની વિભાગીય કચેરી મેઘરજ ૧ માં કરવામાં આવી હતી સરકારશ્રી ખેડૂતને નુકસાનના વળતર રૂપે સહાય કરવા માંગ કરવામાં આવી હતી.

## અરવલ્લી : કોંગ્રેસે સ્પાના નામે ગોરખધંધા ચલાવતા મસાજ પાર્લર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તાત્કાલિક સીલ કરવા માંગ કરી હતી

મોડાસા, તા. ૨૧



અરવલ્લી જિલ્લામાં ચાલતા સ્પાની આડમાં ગોરખધંધાઓને લઈને જિલ્લાની જનતામાં રોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા ઘણાં સમયથી અરવલ્લી જિલ્લા સેવા સદનની આસપાસના વિસ્તારોમાં ધમધમતા સ્પાના નામે મસાજ પાર્લરમાં દેહવેપાર થતો હોવાની ચર્ચા વચ્ચે જીલ્લા પોલીસ સ્પેશલ ઓપરેશન ગૃપની ટીમે એ-વન થાઈ સ્પામાં ત્રાટકી એક ગ્રાહકને રૂપલલના સાથે રંગેરલીયા મનાવતો ઝડપી પાડી પર્દાફાશ કર્યો હતો આ અંગે મોડાસા શહેરની મહિલા અગ્રણી સંસ્થાઓએ પણ આવેદનપત્ર આપી સ્પા બંધ કરવા વહીવટી તંત્ર અને પોલીસતંત્રને રજુઆત કરી છે ત્યારે જીલ્લા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ મોડાસા શહેરમાં સ્પાની આડમાં ચાલતા ગોરખધાંધા બંધ કરવા માંગ કરી હતી

અરવલ્લી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર સહીત કોંગ્રેસના અગ્રણીઓએ સ્પાના નામે ચાલતા દેહવેપારનો પર્દાફાશ કરનાર જીલ્લા પોલીસતંત્રની કામગીરીની સરાહના કરી હતી અને સ્પાના નામે જે ગોરખધંધા એ ખુબ જ દુઃખદ ઘટના છે જીલ્લામાં આવા કૃત્યો ન થવા જોઈએ અને પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી તાત્કાલિક ધોરણે સીલ કરી દેવામાં આવેની માંગ કરી હતી